દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
બુધવાર ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫

# રાજકારણીઓ કરોડપતિ હોય તે હવે કોઈ નવાઈની વાત નથી

રાજકારણીઓ ધનવાન હોય તે હવે કોઈ નવી વાત નથી, પરંતુ તેમની અઢળક સંપત્તિની વાતો સાંભળીને લોકોને આશ્ચર્ય જરૂર થાય છે. દેશના તમામ રાજ્યો અને સંઘપ્રદેશોના મુખ્યમંત્રીઓ અંગે હાલમાં કેટલીક રસપ્રદ માહિતી બહાર આવી છે. દેશના ૨૭ રાજ્યો અને ૩ સંઘપ્રદેશોના મળીને કુલ ૩૦ મુખ્યમંત્રીઓની મિલકતો ભેગી કરીએ તો આ કુલ મિલકતો રૂ. ૧૬૦૦ કરોડ જેટલી થવા જાય છે જેમાંથી રૂ. ૯૩૧ કરોડની સંપત્તિ તો એકલા ચંદ્રાબાબુ નાયડુ પાસે જ છે એમ દેશમાં લોકશાહી અને ચૂંટણી સુધારા માટે કામ કરતી સંસ્થા એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિસર્ચ(એડીઆર) દ્વારા તૈયાર કરવામાં આવેલા એક અહેવાલ પરથી જાણવા મળે છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ દેશના સૌથી ધનવાન મુખ્યમંત્રી છે જેમની કુલ મિલકતો રૂ. ૯૩૧ કરોડની છે જેમાં રૂ. ૮૧૦ કરોડની ચલ સંપતિ અને રૂ. ૧૨૧ કરોડની અચલ સંપત્તિ(જમીન, મકાન વગેરે)નો સમાવેશ થાય છે. તેલુગુ દેશમ પાર્ટીના વડા એવા ચંદ્રાબાબુએ આ મિલકતોમાંથી મોટો હિસ્સો તેમના ડેરીના ધંધાની કમાણીમાંથી ભેગો કર્યો હોવાનું કહેવાય છે. તેમની ડેરી કંપની હેરીટેજ ફૂડ્સ લિમિટેડની સ્થાપના ૧૯૯૨માં માત્ર રૂ. ૭૦૦૦ના મૂડીરોકાણ સાથે થઇ હતી અને પછી તે સડસડાટ આગળ વધી અને કરોડોનો ધંધો કરવા લાગી. ચંદ્રાબાબુના આ કંપનીમાં શેર નથી પણ તેમની પત્ની ભુવનેશ્વરી નારા આ કંપનીમાં ૨૪.૩૭ ટકા હિસ્સો ધરાવે છે. પત્નીના આ શેર પણ જો કે ચંદ્રાબાબુની મિલકતોમાં ગણવામાં આવ્યા છે. બીજા ક્રમે અરૂણાચલ પ્રદેશના ભાજપી મુખ્યમંત્રી પ્રેમા ખંડુ આવે છે તેમની જાહેર કરાયેલી મિલકતો રૂ. ૩૩૨ કરોડ છે જેમાં રૂ. ૧૬૫ કરોડની ચલ અને રૂ. ૧૬૭ કરોડની અચલ સંપત્તિનો સમાવેશ થાય છે. ત્રીજા ક્રમે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધરમૈયા આવે છે જેમની કુલ સંપત્તિ રૂ. ૫૧ કરોડની છે. દેશમાં સૌથી ઓછી મિલકતો ધરાવતા મુખ્યમંત્રી મમતા બેનરજી છે તેમની પાસે માત્ર રૂ. ૧૫.૩૮ લાખની મિલકત છે અને અચલ મિલકત તો કંઇ નથી. અન્ય એવા મુખ્યમંત્રીઓ, કે જેઓ સૌથી ઓછી મિલકતો ધરાવતા હોવાનું જાહેર થયું છે તેમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીની મિલકતો રૂ. ૫૫.૨૪ લાખ છે જ્યારે કેરળના પિનારાયી વિજયનની મિલમતો રૂ. ૧.૧૮ કરોડની છે. બે મુખ્યમંત્રીઓ રૂપિયાની રીતે અબજપતિ છે. એડીઆરે મુખ્યમંત્રીઓએ ચૂંટણી પંચ સમક્ષ જાહેર કરેલી મિલકતોના આધારે આ અહેવાલ તૈયાર કર્યો છે.

લોકોને રાજકારણીઓની મિલકતો વિશે તો જાણવા મળે છે પરંતુ તેમની અઢળક સંપત્તિના સ્ત્રોતો વિશે જાણવા મળતું નથી. દેખીતી રીતે રાજકારણીઓની મિલકતો અચાનક વધવા પાછળ મોટેભાગે તો ભ્રષ્ટ્રાચાર જ જવાબદાર હોય છે. અને જેમની કમાણી કાયદેસરની જણાય તે અઢળક કમાણી પાછળ પણ રાજકીય વગ તો મોટેભાગે જવાબદાર હોય જ છે. સિફતપૂર્વક કરવામાં આવેલ ભ્રષ્ટાચાર ભાગ્યે જ ખુલ્લો પડે છે. એડીઆર દ્વારા બહાર પાડવામાં આવેલ વિગતો પરથી જાણવા મળે છે કે દેશના મોટાભાગના મુખ્ય પ્રધાનો કરોડપતિ છે, બે તો અબજપતિ છે. અનેક સાંસદો અને ધારાસભ્યો તથા અન્ય રાજકારણીઓ કરોડપતિ છે, અનેક અબજપતિ છે. રાજકારણીઓ કરોડપતિ હોય તે હવે કોઇ નવાઇની વાત નથી. લોકોએ રાજકારણીઓની મિલકતો વિશે જાણીને માત્ર ખુશ થવાનું છે કે બળાપો કરવાનો છે અને પોતાના બે છેડા ભેગા કરવા ઢસરડા કરવાના છે.

# શું ટ્રમ્પનાં વલણથી ચીન અને રશિયા પ્રત્યે મોદીની વ્યૂહરચના બદલાઈ ગઈ?

**ટ્રમ્પે ભારત, ચીન અને રશિયાને તેમના સંબંધોને ફરીથી સુધારવા માટે મજબૂર કર્યા છે**

જાપાનની મુલાકાત લીધા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના તિયાનજિનમાં શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં હાજરી આપી. ૨૦૨૦ના ગલવાન અથડામણ પછી તેમણે પહેલીવાર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. તેમણે સમિટ દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે પણ મુલાકાત કરી હતી. મોદીની આ વાતચીત અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય ઉત્પાદનો પર ભારે ટેરિફ લાદવા અને તેમના સહાયકો દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારતની ટીકાની પૃષ્ઠભૂમિમાં થઈ છે.

મોદીની શી જિનપિંગ સાથેની ચર્ચાએ ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી ચાલતા મુદ્દાઓને ઉકેલવાના એક નવા પ્રયાસને ચિહ્નિત કર્યો છે. બીજી બાજુ, પુતિન સાથેની મોદીની વાતચીતમાં બંને નેતાઓ વચ્ચે ઉચ્ચ તાલમેળ જોવા મળ્યું, જે દર્શાવે છે કે ભારત અને રશિયા શ્રેષ્ઠ ભાગીદારો બની રહેશે. એસસીઓ સમિટમાં ભારતે મોટી રાજદ્વારી સફળતા મેળવી. બધા સભ્ય દેશોએ ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી. મોદી, પુતિન અને શી જિનપિંગ- ત્રણેયની એકસાથે ઉપસ્થિતિ- ટ્રમ્પને એ વાતને લઈને ચિંતિત કરી રહી છે કે ત્રણેય દેશો તેમની નીતિઓનો સામનો કરવા માટે શું કાવતરું ઘડી રહ્યા છે.

એમ કહી શકાય કે ટ્રમ્પે ત્રણેય દેશોને તેમના સંબંધોને ફરીથી સુધારવા માટે મજબૂર કર્યા છે. તિયાનજિન ઘોષણાપત્રમાં મોદીના એ સંદેશનો પણ પડઘો પડ્યો કે 'આતંકવાદ સામેની લડાઈમાં બેવડાં ધોરણો અસ્વીકાર્ય છે.' સભ્ય દેશોએ પહેલગામ આતંકવાદી હુમલાના ભોગ બનેલા લોકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ભારપૂર્વક જણાવ્યું કે, આવાં કૃત્યોના ગુનેગારો, આયોજકો અને પ્રાયોજકોને જવાબદાર ઠેરવવા જોઈએ. નિશ્ચિતપણે, ટ્રમ્પ દ્વારા શરૂ કરવામાં આવેલી ઊથલ-પાથલને કારણે ભારતે તેના મહા-શક્તિ સંબંધોને નવી દિશા આપવા માટે એક મહત્ત્વપૂર્ણ રાજદ્વારી પ્રયાસ શરૂ કર્યો છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે, ચીન જતા પહેલા મોદી જાપાન સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે ટોક્યો ગયા હતા. શી જિનપિંગ સાથે મોદીની વાતચીત ભારત-ચીન સંબંધોમાં એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે.

આ સમિટ તસવીરો ખેંચાવવા કરતાં વધુ હતી. ભારત અને ચીન વચ્ચે ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલો સંઘર્ષ ૪૦ વર્ષોમાં સૌથી ભીષણ સરહદ અથડામણ હતી, જેના પરિણામ સ્વરૂપ બંને પક્ષોના સૈનિકોનાં મોત થયાં હતાં. આ ઘટનાએ તણાવમાં તીવ્ર વધારો કર્યો હતો અને દ્વિપક્ષીય સંબંધોને ઐતિહાસિક નીચા સ્તરે પહોંચાડ્યા. આ પૃષ્ઠભૂમિમાં મોદીની આ મુલાકાતને બંને રાષ્ટ્રો વચ્ચે એક નવા રાજદ્વારી પ્રકરણની શરૂઆત તરીકે જોવામાં આવી રહી છે. જેમાં સૈનિકોને પાછળ હટાવવાની વાટાઘાટો ધીમે-ધીમે આગળ વધી રહી છે અને બંને બાજુ સરહદી માળખાગત સુવિધાઓનું નિર્માણ ચાલુ છે. શું મોદી અને શી જિનપિંગ સંબંધોને ફરીથી પાટા પર લાવી શકે છે? નિષ્ણાતો માને છે કે, સરહદ વિવાદનો પડછાયો રાતોરાત અદૃશ્ય થવાની શક્યતા નથી. જોકે, વર્ષોના મૌન પછી સામ-સામે વાતચીત વિશ્વાસ-નિર્માણનાં પગલાં માટે તક પૂરી પાડે છે.

વિશ્લેષકો કહે છે કે, મોદીની મુલાકાત તાત્કાલિક સફળતાઓ વિશે ઓછી અને સંવાદના નવા રસ્તાઓ ખોલવા વિશે વધુ છે. જો યુક્રેન-રશિયા યુદ્ધ સમાપ્ત થાય તો પરિસ્થિતિ જરૂર બદલાશે. આ સાથે રશિયા અને ચીન પણ ટ્રમ્પ સાથે ફરીથી વાતચીત કરશે. તેવી જ રીતે, ભારતે અમેરિકા માટે પોતાના દરવાજા બંધ કર્યા નથી. તેવી જ રીતે, અમેરિકા પણ વેપાર સંબંધી મુદ્દાઓ ધીમે ધીમે ઉકેલાઈ ગયા પછી મોદી સાથે સંબંધો ફરી શરૂ કરવાની કોશિશ કરશે.

દુનિયા હજી પણ એ વાત પર ચર્ચા કરી રહી છે કે, ટ્રમ્પે ભારત પર સૌથી વધુ ટેરિફ કેમ લાદ્યો. અમેરિકાના લોકો એ વાતને લઈને ચિંતિત છે કે, ટેરિફ લાગુ થયા પછી ભારતીય વસ્તુઓ વધુ મોંઘી થશે. ટ્રમ્પના સલાહકારો આગમાં ઘી હોમવાનું કામ રહ્યા છે. તેમના વેપાર સલાહકાર પીટર નાવારોએ રશિયા-યુક્રેન સંઘર્ષને 'મોદીનું યુદ્ધ' ગણાવી દીધું. તેમના અન્ય નજીકના સલાહકારો યુએસ નેશનલ ઈકોનોમિક કાઉન્સિલના ડિરેક્ટર કેવિન હેસેટે ભારત પર અમેરિકન ઉત્પાદનો માટે તેના બજારો ખોલવામાં 'હઠીલું' વલણ અપનાવવાનો આરોપ લગાવ્યો. તેમાં કોઈ શંકા નથી કે, ટ્રમ્પ પાસે ભારતીય ઉત્પાદનો પર વધારાનો ટેરિફ લાદવાનું કોઈ વાસ્તવિક કારણ નથી. રશિયન તેલની ખરીદીને એક બહાના તરીકે દર્શાવવામાં આવી રહ્યું છે. ટ્રમ્પે ખુદ સ્વીકાર્યું છે કે, યુક્રેન સંઘર્ષ માટે અમેરિકા શસ્ત્રો વેચીને નફો કમાઈ રહ્યું છે.

નિષ્ણાતોએ ટ્રમ્પ અને મોદી વચ્ચેના અણબનાવનાં ચાર મુખ્ય કારણો આપ્યાં છે.

પહેલું કારણઃ જુલાઈ ૨૦૧૯માં જ્યારે તત્કાલીન પાકિસ્તાની પીએમ ઈમરાન ખાન અમેરિકા ગયા હતા ત્યારે ટ્રમ્પે તેમને કહ્યું હતું કે, મોદીએ તેમને કાશ્મીર પર મધ્યસ્થી કરવા કહ્યું છે. મોદીએ ટ્રમ્પની ટિપ્પણી પર નારાજગી વ્યક્ત કરી હતી અને વ્હાઈટ હાઉસને સ્પષ્ટપણે જણાવી દીધું હતું કે, ભારત કાશ્મીર મુદ્દાના ઉકેલ માટે કોઈપણ ત્રીજા પક્ષની ભૂમિકા સ્વીકારશે નહીં.

બીજું કારણઃ યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન મોદીએ બંને ઉમેદવારો- ટ્રમ્પ અને કમલા હેરિસને મળવા માટે સમય માંગ્યો હતો. ટ્રમ્પે તેમને સમય આપ્યો હતો અને તેમણે તેમની એક રેલીમાં આ જાહેરાત કરતાં કહ્યું હતું કે, મોદી તેમને મળવા આવી રહ્યા છે, પરંતુ છેલ્લી ઘડીએ કમલા હેરિસે પીછેહઠ કરી હતી. મોદીને લાગ્યું કે ફક્ત એક જ પક્ષના ઉમેદવારને મળવું મૂર્ખામીભર્યું રહેશે. તેમણે ટ્રમ્પ સાથેની તેમની મુલાકાત રદ કરી દીધી અને ટ્રમ્પને એ વાતનું ખોટું લાગ્યું.

ત્રીજું કારણઃ ટ્રમ્પે ૪૨ વખત દાવો કર્યો હતો કે, તેમણે ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી. ભારતે ઘણી વખત સ્પષ્ટતા કરી છે કે, પાકિસ્તાનની વિનંતી પર યુદ્ધવિરામની ઓફર સ્વીકારવામાં આવી હતી, પરંતુ ટ્રમ્પ સાંભળવા તૈયાર ન હતા.

ચોથું કારણઃ ટ્રમ્પ અને મોદી જી-૭ સમિટ દરમિયાન કેનેડામાં મળવાના હતા, પરંતુ ટ્રમ્પ સમિટ અધવચ્ચે છોડીને અમેરિકા પાછા ફર્યા હતા. તેમણે મોદીને ફોન કર્યો અને તેમને વ્હાઈટ હાઉસ આવવાનું આમંત્રણ આપ્યું. તે જ સમયે, પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર ટ્રમ્પને વ્હાઈટ હાઉસમાં રાત્રિ ભોજન માટે મળવાના હતા. સ્વાભાવિક રીતે, મોદીએ ટ્રમ્પનું આમંત્રણ નકારી કાઢ્યું. આનાથી ટ્રમ્પ મોદીથી ખૂબ નારાજ થયા હતા.

એક વાત સ્પષ્ટ છે. ટ્રમ્પની ભારત સાથેની સમસ્યા ફક્ત ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાને કારણે નથી. અમેરિકા અને યુરોપિયન દેશો હજી પણ યુક્રેનને મોટાપાયે ટેકો આપી રહ્યા છે. રશિયા પાસેથી ભારતની તેલ ખરીદી અન્ય દેશોની તુલનામાં જથ્થા અને મૂલ્ય બંનેમાં ઓછી છે. ટ્રમ્પની આ સમસ્યાએ અસીમ મુનીરને પોતાનો મિત્ર બનાવી લીધો અને તેણે યુદ્ધવિરામના મુદ્દાને ટેરિફ વિવાદમાં સામેલ કરીને મોદીને શરમજનક સ્થિતિમાં મૂકવાનું પસંદ કર્યું. કદાચ આ જ કારણસર તેણે ભારત પર સૌથી વધુ ટેરિફ લાદ્યો અને દેશ સાથેની પોતાની જૂની મિત્રતાને ધ્યાનમાં લીધી નહીં. બીજી તરફ, ટ્રમ્પે ચીનને છૂટછાટો આપી, જેને તે અમેરિકાનો સૌથી મોટો હરીફ માનતા હતા. ભારતે ટ્રમ્પની ધમકીઓ સામે શરણાગતિ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. મોદીએ અમેરિકાની માગણીઓ સામે ઝૂકવાનો ઈનકાર કર્યો છે. કોઈ પણ અમેરિકન રાષ્ટ્રપતિએ ક્યારેય આવું કર્યું નથી. હવે તો અમેરિકનો પણ કહી રહ્યા છે કે, ટ્રમ્પ ફક્ત એક વેપારી છે, એક સોદાબાજ છે. એટલા માટે ભારતે ટ્રમ્પ સાથે વ્યવહાર કરવાના નવા રસ્તાઓ અને પદ્ધતિઓ શોધવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**એક વાત સ્પષ્ટ છે ટ્રમ્પની સમસ્યા ફક્ત ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાની નથી. ભારતે દરવાજા બંધ કર્યા નથી તેવી જ રીતે, અમેરિકા પણ વેપાર સંબંધી મુદ્દાઓ ઉકેલાઈ ગયા પછી મોદી સાથે સંબંધો ફરી શરૂ કરવાની કોશિશ કરશે**

## દીવડો અને અંધકાર

એક નાના ગામમા રહેતો મોહન બધી રીતે દુઃખી હતો તેના મનમાં દુનિયાના દરેક લોકો અને દરેક બાબત પર ગુસ્સો હતો તે હંમેશા દુનિયાની ફરિયાદ કરતો. તેને લાગતું કે લોકો ખોટા છે, સ્વાર્થથી ભરેલા છે અને કોઇમાં સચ્ચાઇ કે પ્રેમ નથી. એક દિવસ તેણે પોતાના ગુરૂજીને કહ્યુંઃ

"ગુરુજી, આ દુનિયા કેટલી અંધકારમય છે. કેટલો પણ પ્રયત્ન કરું, સારું કંઇ નજર આવતું નથી. આ દુનિયા માણસોએ રહેવા લાયક રાખી જ નથી બધે સ્વાર્થ લોભ લાલચ અને દગો જ છે. મને તો આપણું અને આ સમગ્ર દુનિયાનું ભવિષ્ય અંધકારમય લાગી રહ્યું છે"



ગુરૂજી સ્મિત કરીને બોલ્યાઃ

"બેટા, આજે રાત્રે આ દીવડો લઈને બહાર નીકળજે. ગામની સૌથી અંધારી ગલીઓમાં ફરજે અને પછી મને કહેજે કે શું જોયું."

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

રાત્રે મોહન નાનકડો દીવડો લઈને બહાર ગયો. રાત્રિના અંધકારથી ભરેલી ગલીઓમાં જ્યારે તેણે દીવડો પ્રગટાવ્યો, ત્યારે નાનકડા દીવડા માંથી પ્રકાશનું કિરણ ફેલાયું અને ચારે બાજુ પ્રકાશનો ચમકાર થયો. રસ્તો ચમકી ગયો અને અંધકાર ગાયબ થઈ ગયો તે શાંતિથી ગલીમાં ચાલ્યો અને તેને અંધકારનો કોઈ ડર રહ્યો નહીં.

બીજે દિવસે સવારે તેણે ગુરુજીને કહ્યુંઃ

"ગુરુજી, ગામની સૌથી અંધારી ગલીમાં ગયો હતો પણ આ દીવડો મારી પાસે હતો એટલે અંધકારનો ભય લાગ્યો જ નહીં."

ગુરુજી શાંતિથી સમજાવતાં બોલ્યાઃ " હવે મારી વાત સમજ તારા મત પ્રમાણે કે માન્યતા મુજબ દુનિયા અંધકારથી ભરેલી હોઈ શકે છે. પરંતુ જો તું પોતે દીવડો બનશે, તો તારી પોતાની રોશની તારી આસપાસનો અંધકાર દૂર કરશે. સતત દુનિયા માટે ફરિયાદ કરવા કરતાં સારું છે કે તું પોતે દીવડો બનીને પ્રકાશ ફેલાવ." મોહને તે દિવસથી નક્કી કર્યું કે તે બીજાઓની ખામીઓ શોધવાની જગ્યાએ પોતે સારા કામો કરીને દુનિયાને પ્રકાશિત કરશે. દુનિયાના અંધકારને દૂર કરવાનો પ્રયત્ન કરશે

# માનવસર્જીત પરિવર્તનની જાળમાં માનવ જ ફસાઈ જશે!

કહેવાય છે તો પ્રજાનો પ્રેમ પરંતુ ચૂંટણીના મેદાનમાં ઉતરનાર પ્રત્યેક ઉમેદવાર વેઠી જાણે છે કે મત મેળવવા રૂપિયાનું રોકાણ તો કરવું પડે છે. વિશ્વના ૫૬ લોકશાહી દેશોના ૨૩થી વધુ રાષ્ટ્રીય પક્ષો દેશના બંધારણ અનુસાર ૩-૫ વર્ષે આવતી ચૂંટણીમાં મતદાર દીઠ સરેરાશ ૧.૩ ડૉલરનો ખર્ચ કરે છે. સમાજવાદી સમાજ રચનાનાં નામે પ્રજા પાસેથી ટેક્સ વસૂલ કરી વિકાસ કાર્યો કરનાર પક્ષો અને તેના જન-પ્રતિનિધિમાં સેવાભાવ હોય ન હોય પરંતુ નાગરિક સુવિધાઓ વધારવાની પરંપરાથી વિજેતા ઉમેદવારોની નિજી સંપત્તિમાં ક્રમશઃ વધારો થતો જ રહે છે. જે ભારતનાં લોકતંત્રમાં બીજી ટર્મ માટે ચૂંટણી લડતા પ્રત્યેક ઉમેદવારોના ડિકલેરેશન ફોર્મથી પણ જોઈ શકાય છે.

લોકશાહીની આડમાં પ્રજાનાં પ્રતિનિધિ આપી શકતાં રાજકીય પક્ષો માટે સત્તા એ આખરી સાપદંડ હોય ચૂંટણીનાં મેનિફેસ્ટો અને સભાઓમાં ભરપેટ રેવડીની લ્હાણી થતી રહે છે. દેશની આર્થિક સ્થિતિ, દેશનાં સંસાધનો, ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડાયેલ સર્જકોની ક્ષમતા પ્રકારે જમીની હકીકતો એક તરફ રાખી રાજકીય પક્ષો મતદારો માટે આરામપ્રિય લાભો ખોલી આપે છે. જે ભારત, અમેરિકા અને બ્રિટન સહિત અન્ય લોકશાહી રાષ્ટ્રોની ચૂંટણીમાં પણ જોઈ શકાય છે. સરવાળે બંધારણની જોગવાઈ અનુસાર પુખ્તવયનાં નાગરિકોનો મત ખરીદી શકતા ઉમેદવારો જીતે છે, હારે પણ છે, પરંતુ ચૂંટણીની સામાજિક અસર કાયમી રીતે રહી જાય છે.

ચૂંટણીમાં જાહેર કરાયેલ લાભો અને તેની સમાજ જીવન ઉપરની અસરનું મૂલ્યાંકન કરતા જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીનાં પોલિટિકલ સાયન્સનો એક અભ્યાસ નોંધમાં જણાય છે કે, છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતમાં ઉચ્ચતર શિક્ષણ લેનાર યુવકોની સંખ્યામાં ૧૧% થટાડો થયો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં બેરોજગાર યુવકોની સંખ્યામાં ૧૬% વધારો થયો છે. લગ્ન કરી સહજીવન નિભાવનાં સ્થાને લીવ-ઈન રીલેશન તરફ વળતી નવી પેઢીની સંખ્યામાં ૩% વધારો નોંધાયો છે. લાઈફ ઈઝ ફત્ત તેવા મૉર્ડન અભિપ્રાય સાથે ડ્રગ્સનું વ્યસન વિકસતાં પશ્ચિમ-દક્ષિણ ભારતનો દરિયાકાંઠો ધમધમી રહ્યો છે. અહેવાલ નોંધે છે કે પોપ્યુલર પોલિટ્રીકસની દોડમાં ચૂંટણી સમયે મતની ખેંચતાણીમાં રાજકીય પક્ષો જે બીજ વેરે છે, તેની આડ-અસરમાં યુવાનો ભટકી રહ્યાં છે. યુરોપ અમેરિકા પછી લોકશાહી દેશ તરીકે ભારતમાં પણ હવે સામાજિક સ્વાસ્થ્ય માટે સાઈકાટ્રિટની વધુ ને વધુ જરૂરિયાત ઊભી થઈ રહી છે.

મોબાઈલ, ઈન્ટરનેટ, ટેલિવિઝનની દુનિયા નવી પેઢીમાં ઠાંસી ઠાંસીને પ્રમાદ ધરબી રહી છે, ત્યારે ફ્યુચર વિષયે ટાઈમ સ્કેવરના ૨૦૨૨ના સંશોધનમાં જણાવાયું છે કે, વર્ચ્યુઅલ વર્લ્ડનાં વિસ્તારથી મનુષ્યો દ્વારા થતાં સર્જનશીલ ઉત્પાદનોમાં ૨૦% ઘટ આવશે અને વધતી જરૂરિયાતોને પહોંચી રહેવા આર્ટિફીશયલ ઈંટેલીજન્સનાં ટેકે મશીન રોબર્ટ આધારભૂત બનશે. ગુગલની મદદથી જાપાન અને કોરીયાએ તો કોમર્શિયલ વ્હીકલમાં અને ચાઈનાએ કૃષિ અને ડેરીમાં રોબર્ટનો ઉપયોગ શરૂ કરી દીધો છે. વિશ્વમાં લોકશાહી દેશોમાં વધતી સબસીડી, દેવા માફી, સસ્તી લોન, બેકારી ભથ્થુ, મફત અનાજ અને સસ્તા આરોગ્યની વધતી સુવિધાથી આજે જેમની ઉંમર ૧૮થી ૩૦ છે તે વય જૂથમાં વધુ ને વધુ ફસ્ટ્રેશન, એન્ઝાયટી અને ડિપ્રેશન જોવા મળી રહ્યું છે. જર્નલ ઓફ મેડિકલ સાયન્સનાં તાજેતરનાં અહેવાલથી બહાર આવ્યું છે કે કોવિડ પછીની હતાશામાં ૭૦,૦૦૦થી વધુ યુવકોએ આત્મહત્યા કરી છે. મહાત્મા ગાંધીએ ૧૯૦૮માં હિન્દ સ્વરાજમાં લખ્યું છે. દેશના યુવાનો જવાબદાર અને કામઢા બને તેવા સમયની જરૂર છે.' પરંતુ બ્રિટીશરોએ દુનિયામાં જ્યાં રાજ્ય કર્યું છે ત્યાં ગુલામીની મનોદશા વિસ્તારતા રાજ્ય તરફથી જ જાતિ, પ્રદેશ અને પછાતપણાને આગળ કરી સત્તામાં લાભ વહેચવાનો શિરસ્તો વિકસાવવામાં આવ્યો. જે આજે પણ શાહી દેશોમાં સશક્ત નાગરિત્ત્વની વિભાવનામાં સડો બની વિકસી રહ્યું છે.

જમીનનાં પેટાળમાંથી મળતા શેસિલ્સ અને ડી.એન.એ. આધારે ઈતિહાસકાર યુવલ નોઆ હરારી નોંધે છે કે, "સીધી કરોડરજ્જુ ધરાવતા અને વોકલ કોર્ડથી ભાષાનાં બહુ આયામી ઉપયોગથી છેલ્લાં ૨૮,૦૦૦ વર્ષથી બૌદ્ધિક માનવનો આર્વિભાવ થયો છે." પરંતુ વૈશ્વિક સ્તરે બદલાયેલ સમાજ વ્યવસ્થાનાં લીધે મનુષ્યનું અસ્તિત્વ જોખમમાં મુકાયુ છે. ૬ લાખ વર્ષથી પૃથ્વી ઉપર વિચરતા વાનર અને માનવનાં ડી.એન.એ.નાં રંગસૂત્રોમાં તો ૯૬% સામ્ય છે તો પણ ૧૦ વાનર ભેગા મળી સર્જનશીલ ઉત્પાદકીય કામ યોજી શકતા નથી. જ્યારે માનવ દ્વારા નિર્મિત પરિવર્તનો બ્રહ્માંડનાં બીજા ગૃહો સુધી વિસ્તર્યા છે. પરંતુ હવે માનવસર્જિત પરિવર્તનોથી માનવજાત વિનાશના પંથે ચડી છે.

ત્યારે પ્રજા કલ્યાણની ભાવનાથી રાજ્ય સંચાલન કરતાં રાજકીય પક્ષોએ માનવ મૂલ્યની જાળવણી માટે નવા દૃષ્ટિકોણથી મેનિફેસ્ટો લખવા પડશે. માનવજાત તાર્કિકરીતે વધુ જવાબદાર બને, મહેનતુ બને તે માટે દિશા નિર્દેશ તૈયાર કરવા અનિવાર્ય બન્યા છે. લોકશાહીના નામે પણ કોઈ પણ રાષ્ટ્રનાં રાજકીય પક્ષોએ માનવ-મૂલ્યોના ભોગે ચૂંટણી ન લડવી જોઈએ. રાષ્ટ્રનાં જૂ-ભાગોનાં વિસ્તારનું અતિક્રમણ ન કરવું જોઈએ. થોડા આર્થિક લાભ કે પછી રાજકીય પક્ષ તરીકે સત્તામાં બની રહેવા માટે યુદ્ધ માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરવી જોઈએ નહીં, મતદારો પ્રામાણિકતાના રસ્તે મહેનતું બને, શિક્ષિત રહેવા પ્રોત્સાહિત રહે, પોતાના આરોગ્ય માટે સજાગ રહી, કાયદો અને ન્યાયની પ્રક્રિયા પ્રત્યે શ્રદ્ધાવાન રહે તેવું વાતાવરણ સર્જવું એ રાજકીય પક્ષોની ફરજ છે અને આમ નહીં થાય તો વર્ષ ૨૦૪૦-૫૦ના દાયકામાં નવી પેઢી ચરમ સીમાએ નિરાશાવાદનો ભોગ બનવા તરફ હસડાઈ જશે તે લગભગ નિર્વિવાદ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતમાં ઉચ્ચતર શિક્ષણ લેનાર યુવકોની સંખ્યામાં ૧૧% થટાડો થયો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં બેરોજગાર યુવકોની સંખ્યામાં ૧૬% વધારો થયો છે. લગ્ન કરી સહજીવન નિભાવનાં સ્થાને લીવ-ઈન રીલેશન તરફ વળતી નવી પેઢીની સંખ્યામાં ૩% વધારો નોંધાયો છે**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### વિશ્વભરમાં રેલમછેલ, કેમ?

રોજે રોજ છાપામાં, રેડિયોમાં, વરસાદ ગાજતો રહે છે. વિશ્વભરમાં વરસાદના રેકોર્ડ તૂટતા રહે છે. જ્યાં જુઓ ત્યાં વરસાદ જ વરસાદ, આ તે કેવો પ્રભુનો વરસાદ! કુદરત રૂઠી હોય તેમ લાગે છે, કેમ? માણસ કુદરત સાથે છેડછાડ કરે પછી, કુદરત છોડે? પર્યાવરણ સાથે અણ સમજુ રમત રમાય છે. હિમાલયના જંગલો કપાય છે. ખાનગી આયુર્વેદિક કંપનીઓ દવા બનાવવા માટે યેનકેન પરવાનગી મેળવી બેફામ પણે પહાડોને બોદા કરી મૂકે છે. ઝાડોના મૂળિયા માટીની પકડ ગુમાવે છે. છેવટે લેન્ડ સ્લાડિંગના કિસ્સા વધતાં રહે છે અમે આખો હિમાલય ખુંદી વળ્યા છે. ત્યારે ભાગ્યે જ અમને લેન્ડ સ્લાડિંગ જોવા મળતું. વળી હિમાલયમાં ઊંડાણ અને ઊંચાય સુધી સરકાર સડકો બનાવતી જાય છે. મોટી મોટી મશીનરીઓ ધમધમે છે. પરિણામે પહાડો એ ધ્રુજારો વેઠી શકતા નથી. ને તેથી પહાડો ફાટે છે. રસ્તાઓ દિવસો સુધી ટ્રાફિક સમસ્યા સર્જે છે. કુદરતનું સંતુલન ખોરવાય છે. છેલ્લા થોડા સમયથી 'વાદળ ફાટ્યું' શબ્દો સાંભળવા મળે છે. અચાનક પુર ધસમસતુ આવી ચઢે છે, પહાડી ગામડાંઓને નકશામાંથી ભૂંસી નાંખે છે. પુર માણસો, મકાનો, સડકો તેમજ પ્રાણીઓ વગેરેને તાણી જાય છે. કરોડોનું નુકસાન થાય છે કોના પાપે? અણ-સમજુ માણસ અને સરકાર બંને નહીં સુધરે તો વિકાસ જ વિનાશનું કારણ બનતું રહેશે એ નક્કી છે.

**સુરત - ઈશ્વર પટેલ**

### ઘરો તુટતા જાય છે અને ઘરડાઘર વધતા જાય છે

આજકાલ નવા યુગલો (પતિ-પત્ની) ઘરમાં ઘરડા માનવીની હાજરી પસંદ નથી. ઘણી છોકરી લગ્ન પહેલા સહન કરે છે કે ઘરમાં જુનુ ફર્નિચર છે. (યા ને કે ઘરડા મા-બાપનો સંકેત આપે છે) આજકાલ છોકરાઓ પોતાની જીંદગી બચાવવા પોતાના મા-બાપને ઘરડા ઘરમાં મુકવા પરાણે મજબૂર કરે છે. ફક્ત છોકરાઓને નથી લાગતું પણ ઘરડાઓ ઘરમાં શાંતિથી બેસતા નથી. વાતવાતમાં ચંચુપાત કરે છે તે આજના યુવાન છોકરા-છોકરીઓને યોગ્ય લાગતુ નથી. એક સર્વે અનુસાર આખા ભારતમાં 3 હજારથી વધુ ઘરડા ઘર છે. ઘરડા ઘરમાં સિનિયર સીટીઝન માટે વિશિષ્ટ તથા આધુનિક સગવડ ઘર કરતાં સારી મળે છે. માટે હાલમાં એક ઘરડા ઘરમાં કામ અર્થે જવાનુ થયુ ત્યાં -2 ટાઈમ ચા-નાસ્તો-ટાઈમ ભોજન અને રાત્રે 1 ગ્લાસ ગરમ દૂધ-વાર તહેવારે મિષ્ટાન ભોજન તથા દર 3 મહિને ડૉક્ટરી ચિકિત્સા આવી તો તમને ઘરમાં પણ સગવડ ન મળે, વધુ તપાસ કરતા માલમ પડ્યુ કે આનું સંચાલન મનહરભાઈ લાપસીવાળા અને સાથીઓ કરે છે. આશા છે કે આ સંચાલન કરતા સેવકોની તબિયત સારી રહે ને આવા ઘરડા-ઘરમાં રહેતાઓના આર્શિવાદ પ્રાપ્ત થાય.

**સુરત - મહેશ આઈ. ડૉક્ટર**

### વિશ્વની સૌથી મોટી ચિંતા હિંસા

આપણે શાંતિથી બેઠા હોઈએ અને શાળાના વિચારો આવતા જ એ શારદામાતાનાં સ્થાનને ભાવપૂર્ણ વંદન કરવાનું મન થાય. અહીંથી જ બાળકોના ઘડતરનો પાયો નંખાય છે. સારા સંસ્કારો પ્રાપ્ત થાય છે, જ્યારે આજે તો થાય છે કે શાળાને સંસ્કારનું મંદિર ગણવુ કે હિંસાનું મેદાન કહેવું એ જ સમજાતું નથી. શાળાના પટાંગણમાં રમતો રમવાની હોય એની જગ્યાએ અહીંયા તો વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર વર્તન, મારામારી અને હિંસક પ્રવૃત્તિઓ સ્થાન જમાવી રહી છે. આવા પવિત્ર ગણાતા સ્થાનમાં વિદ્યાર્થીઓ ગુંડાગીરી કરે, શિક્ષકોને ધમકાવે અને સહાધ્યાયીઓ પર હુમલો કરે, હત્યા કરે એ તો સમાજ માટે આ એક ચિંતાનો વિષય બને છે. પરિવારમાંથી મળતા સંસ્કારો તો ક્યાંય નજરે પડતા નથી. શિક્ષકોએ કડક શિસ્ત સાથે સંવેદનશીલ માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવું પડશે. શાળાઓએ કાઉન્સેલીંગ, રમત-ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની વૃત્તિને સકારાત્મક દિશામાં વાળવી જોઈએ. આજના વિદ્યાર્થી આવતી કાલનું ભવિષ્ય છે. જો એમની આજ જ આટલી ખરાબ હશે તો આવતી કાલ કેવી હશે? આ માટે પરિવાર, સમાજ અને શાસન તંત્રએ સંયુક્ત જવાબદારી લેવી પડશે તો જ આવનારા ભવિષ્યને આપણે સુધારી શકીશું.

**અડાજણ, સુરત- શીલા સુભાષ ભટ્ટ**

### આશ્ચર્યજનક સત્યોચ્ચાર

ભારતના સંવિધાનમાં લોકશાહી સમાજવાદનો સ્વીકાર કરવામાં આવ્યો છે, જે ગંદા મૂડીવાદને નકારે છે, આમ જનતાની સૌથી અગત્યની આવશ્યકતા શિક્ષણ અને સ્વાસ્થ્ય સારવાર છે અને ગરીબ, મધ્યમવર્ગના લોકો, બેરોજગાર હતો માટે તે બાબતો ચિંતાજનક હોવાથી મોટે ભાગે તેનાથી વંચિત રહે છે. રાષ્ટ્રની સાચી પ્રગતિ ત્યારે જ થઈ શકે, જ્યારે શિક્ષણ અને સારવાર મફત થઈ જાય. આર.એસ.એસ.ના વડા શ્રી મોહન ભાગવતે હાલમાં જ આશ્ચર્યજનક સત્યોચ્ચાર કરી વાસ્તવિકતા દર્શાવતા જણાવ્યું છે કે આરોગ્ય સેવાઓ અને શિક્ષણનું વ્યાપારીકરણ થયું છે. સામાન્ય નાગરિકોની પહોંચ અને નાણાંકીય ક્ષમતાની બહાર તે બાબતો છે. કેન્સરની સારવાર પર ગજાબહાર મોટો ખર્ચ રહે છે. શિક્ષણ અને આરોગ્ય સેવા રાષ્ટ્રભાવના સાથે થાય તે જરૂરી છે. આ બંને ક્ષેત્રોની સેવાઓ સામાન્ય લોકોને સરળ, સુલભ, સસ્તી અને કરુણાપૂર્ણ હોવી જોઈએ વળી તે શક્ય તેટલી વધુ જગ્યાએ ઉપલબ્ધ હોવી જોઈએ. આ સુવિધાઓ કેન્દ્રીયકૃત થઈ વ્યાપારીકરણમાં જોવા મળે છે. સમાજના સક્ષમ લોકોએ તે માટે સક્રિય થવું પડશે. માનવોની વિવિધતાને ધ્યાનમાં રાખીને દર્દીઓને માટે સારવારના તમામ વિકલ્પો ઉપલબ્ધ કરાવવા જોઈએ. હવે 'શિક્ષિત ભારત'ની ભાવના જ દેશ માટે ઉપકારક થાય.

**ઝાંપાબજાર, સુરત- યૂસુફ એમ. ગુજરાતી**

### કરકસર કરો કરવેરા ઘટાડો

સરકારે છેલ્લા 10 વર્ષમાં સરકારી સેવાઓમાં ત્રણ ઘણો ભાવ વધારો કર્યો છે. પરંતુ બીજી તરફ ટેક્સના નાણાંનો દુરઉપયોગ પણ વધ્યો છે. તે માટે નીચેના ઉપાય અજમાવો. 1. જિલ્લા તા. પંચાયતની ચૂંટણીઓ સરપંચ સભ્યો દ્વારા યોજી જંગી ખર્ચ બચાવો. 2. સાંસદ- ધારાસભ્યો માલદાર છે તેમને પેન્શનની નથી. MP-MLAના પેન્શન નાબૂદ કરો. 3. જેલોમાં બંધ કેદીઓ પાસે ફૂડ બીલ વસૂલ કરો. 4. ગુનેગારોને જેલની સજા સાથે જંગી દંડ કરો. 5. લોકસભા વિધાનસભાની ચૂંટણી સાથે યોજો. 6. વિધાન પરિષદો નાબૂદ કરો. 7. નેતાઓ સરકારી ખર્ચે પ્રવાસ બંધ કરે.

**વલ્લભવિદ્યાનગર, આણંદ- જગદીશ ઉ. ઉપાધ્યાય**

### અતીતની યાદોમાંથી સંપૂર્ણપણે મુક્ત થવાય?

એક સમજશક્તિ માટે કહેવાય છે કે, ભૂતકાળ ભૂલવા માટે હોય, ભવિષ્ય નિહાળવા માટે હોય અને વર્તમાન માણવા માટે હોય. પરંતુ માનવી સંપૂર્ણપણે અતીતમાંથી મુક્ત નથી જ થઈ શકતો. શૈશવના સંસ્મરણો, યૌવનનો પ્રથમ પ્રેમ કે સહજીવનનો પ્રથમ દિન, ઉર્દવગામી કારકિર્દી, પ્રથમ સંતાન પ્રાપ્તિ જેવી અનેક સોનેરી યાદ મનોજગત પર સદાને માટે છવાયેલી રહે છે. એ જ પ્રમાણે ભૂતકાળમાં થયેલા અન્યાય, વગર વાંકે મળેલો દંડ, સ્વયં કાબેલિયત ધરાવતા હોવા છતાં રોળાઈ ગયેલું સ્વપ્ન, સ્વજનો દ્વારા મળેલો દગો ફટકો, પરિવારજોની ઉપેક્ષા, ક્યારેક જીવનસાથી તરફથી ન મળેલો સહકાર, અયોગ્ય મૌન વિ. અનેક કડવી યાદો મનોવિશ્વમાંથી વિદાય નથી લેતી! લાખ ભૂલવાના પ્રયત્નો કરવા છતાં એ યાદો પણ પ્રાપ્ત થાય છે. સૌ સાથે ભૂતકાળની કડવી-મીઠી યાદો તો હોય જ છે અને એ યાદો ને સહારે જ માનવી જીવન વ્યતીત કરતો રહે છે અને સ્વયં દ્વારા થયેલી ભૂતકાળની ભૂલોમાંથી બોધપાઠ તો અવશ્ય લેવાવો જોઈએ. અમુક ભૂલ અક્ષમ્ય હોય શકે. જે અન્યને હાનિકર્તા નિવડી હોય પણ એ ભૂલ ફરીથી ન દોહરાય એનું ધ્યાન પણ રાખવું જરૂરી. ક્યારેક ભૂલ પગથિયા બની શકે પણ અન્ય વ્યક્તિના માન-સ્વમાનના ભોગે તો નહીં જ. અતીત સ્મરણીય પણ હોય અને વિસ્મરણીય પણ બનાવી શકાય. બધો આધાર ક્ષમાશીલતા પર હોઈ શકે.

**રાંદેર રોડ, સુરત - નેહા શાહ**